# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-01-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પતંગોત્સવ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2025નો તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં રાજ્યનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં 47 દેશોમાંથી 143 પતંગબાજો, ભારતનાં અન્ય 11 રાજ્યોમાંથી 52 જેટલા અને રાજ્યનાં 11 શહેરનાં 417 પતંગબાજોએ ભાગ લીધો છે.

કચ્છના ધોરડો ખાતેના સફેદ રણમાં આગામી તારીખ 13 જાન્યુઆરીએ આંતરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાશે.

-----------------------------------------------------------------------------------

## કરૂણા અભિયાન-કચ્છ:

ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે માટે રાજ્યભરમાં શરુ થયેલા કરૂણા અભિયાન અંતર્ગત કચ્છમાં પણ વિવિધ સારવાર કેન્દ્રો કાર્યરત કરાયા છે. સાંભળીએ આ અંગે અહેવાલ

*વોઈસ કાસ્ટ*

*20 જાન્યુઆરી સુધી ચાલનારા રાજ્યવ્યાપી કરૂણા અભિયાન હેઠળ કચ્છમાં વિવિધ તાલુકાઓમાં 16 ઘાયલ પક્ષી કલેકશન કેન્દ્રો અને ૧૩ સારવાર કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. કચ્છના નાયબ પશુપાલન નિયામક ડૉ. આર.ડી. પટેલે પક્ષીઓની સારવાર માટે ઊભી કરાયેલી સુવિધાઓ વિશે વધુ માહિતી આપતા જણાવ્યું કે, ભુજ અને ગાંધીધામમાં 24 કલાક*

*કાર્યરત પક્ષી બચાવ આઈ.સી.યુ. યુનિટ, ૧૯૬૨ એમ્બ્યુલન્સ તથા ગ્રામ્ય વિસ્તારોમાં ૫૫ પક્ષી સારવાર કેન્દ્રો પણ શરૂ કરાયા છે.*

*બાઈટ... ડૉ. આર.ડી. પટેલ, નાયબ પશુપાલન નિયામક-કચ્છ*

*પશુપાલન શાખા દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત દસેય તાલુકાઓમાં પશુ ચિકિત્સક અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત, 21 બિન સરકારી સંસ્થાઓના 426 જેટલા સ્વયંસેવક દ્વારા પણ સેવા પૂરી પાડવામાં આવી રહી છે. ઈજાગ્રસ્ત પક્ષી દેખાય તો વહેલી તકે સારવાર કેન્દ્ર સુધી પહોંચાડવામાં સહયોગ આપવા નાગરિકોને અનુરોધ કરાયો છે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ*

---------------------------------------------------------------------------------------

## ભુજ-દિલ્હી હવાઈ સેવા:

ભુજ-દિલ્હી વચ્ચે ફેબ્રુઆરીથી વિમાની સેવા શરૂ થશે. ભુજ-દિલ્હી વિમાની સેવા દિલ્હી થી બપોરે ત્રણ વાગ્યે ઉપડી સાડા ચાર વાગ્યે ભુજ  પહોંચશે અને અને ભુજથી સાડા પાંચ વાગ્યે ઉપડી સાંજે સાત વાગે દિલ્હી પહોચશે. કચ્છના સાંસદશ્રી વિનોદ ચાવડાએ  માહિતી આપતા જણાવ્યું કે  આ સેવા કચ્છના પ્રવાસીઓ,એનઆરઆઇ માટે મહત્વની સાબિત થશે.

---------------------------------------------------------------------------------------

## લાલબહાદુરશાસ્ત્રી પુણ્યતિથિ ઉજવણી-ભુજ:

પૂર્વ પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીની આજે 58 મી પુણ્ય તિથિ મનાવવામાં આવી રહી છે. ભુજમાં ઇન્દ્રાબાઈ પાર્ક સામે આવેલી શાસ્ત્રીજીની પ્રતિમાને ભુજ નગર પાલિકા તથા અન્ય સંસ્થાઓ દ્વારા  હારારોપણ કરી અંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભુજ નગર પાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકીએ  શાસ્ત્રીજીનાં જય જવાન જય કિસાન સૂત્ર તથા  સુરક્ષા અને કૃષિ ક્ષેત્રે તેમના પ્રદાનને યાદ કરી ભાવાંજલિ આપી હતી.

---------------------------------------------------------------------------------------

## ગુજરાત મુખ્ય સચિવ- કચ્છ મુલાકાતે

કચ્છની બે દિવસીય મુલાકાતે આવેલા રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે માતાના મઢ ખાતે દેશદેવી માં આશાપુરાના દર્શન કર્યા હતા. જિલ્લા મથક ભુજ ખાતે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક બાદ તેઓ લખપત તાલુકાના પ્રવાસે નિકળ્યા હતા અને પાન્ધ્રો ખાતે રાત્રી રોકાણ કર્યા બાદ લક્કી નાળા સહિતના સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. માતાનામઢ ખાતે જાગીર ટ્રસ્ટના પ્રવિણસિંહ વાઢેરે મુખ્ય સચિવને આવકાર આપ્યો હતો.

---------------------------------------------------------------------------------

## ગ્રંથયાત્રા-માધાપર યુવાદિન:

આવતીકાલ 12 જાન્યુઆરી યુવા દિન નિમિતે ઈન્સ્ટીટ્યુટ ઓફ યુથ ડેવલોપમેન્ટ અને માધાપર પંચાયતી પ્રાથમિક કન્યાશાળા દ્વારા ગ્રંથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શાળાની નાની બાલિકાઓ પુસ્તકના વાંચન દ્વારા જીવન ઘડત્તરનો વિશેષ સંદેશ આપશે. જેમાં જોડાવા આયોજકો દ્વારા સૌને આમંત્રણ અપાયુ છે.

---------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાતા લોકોને ઠંડીથી રાહત મળી હતી. નલિયામાં લઘુત્તમ તાપમાન 11.6 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા ઘણા દિવસથી તિવ્ર ઠારનો સામનો કરી રહેલા અબડાસા પંથકના લોકોએ રાહત અનુભવી હતી. જિલ્લા મથક ભુજનું લઘુત્તમ તાપમાન 13.4 ડિગ્રી નોંધાયું હતું. આવતીકાલ રાત્રીથી તાપમાન બેથી ત્રણ ડિગ્રી જેટલું નીચે સરકવાની સાથે ફરી ઠંડી વધશે તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે.

---------------------------------------------------------------------------------